R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

April - 2016

Total - 44 Pages

Vol No. 60 Issue No. 1

વિહંગાવલોકન

## ભીમ - ભમેડો, બાલાસિનોર





જળ એ જ જીવન

**બાલાસિનોર મેડિકલ સેન્ટરનો જરૂરથી લાભ લો**

**ચાલો બાલાસિનોર - તા. ૨૭-૧૦-૨૦૧૬ થી ૧-૧૧-૨૦૧૬**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આયોજીત

# 'ચાલો બાલાસિનોર વર્ષ ૨૦૧૬-૧૭'

## ગુરૂવાર તારીખ ૨૭-૧૦-૧૬ થી ૦૧-૧૧-૧૬ મંગળવાર

સર્હષ જણાવતા આનંદ થાય છે કે બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ 'ચાલો બાલાસિનોર'નું આયોજન દિવાળી દરમ્યાન હાથ ધરાયું છે જેની વિગતો નીચે મુજબ છે.

**તારીખ સાથેની પૂરક માહિતી :-**

૧) તા. ૨૭-૧૦-૧૬ ગુરૂવાર રાતના (વડોદરા એક્સપ્રેસ દ્વારા રવાના)

૨) તા. ૨૮-૧૦-૧૬ શુક્રવાર સવારે વડોદરાથી બાલાસિનોર. તળાવદરવાજા સુધી બસ દ્વારા પ્રવાસ (સાથે ચહા, કોફીની વ્યવસ્થા)

૩) તા. ૨૭-૧૦-૧૬ થી ૦૧-૧૧-૧૬ બાલાસિનોર ખાતે સવારનો ચહા, નાસ્તો, બપોરનું ભોજન તથા રાત્રીના ભોજનનું આયોજન દશાનીમા વણીક વાડીમાં રાખવામાં આવેલ છે.

૪) તા. ૨૭-૧૦-૧૬ થી ૦૧-૧૧-૧૬ દરમ્યાન વિવિધ પ્રોગ્રામનું આયોજન કરેલ છે. જેની તારીખ વાર વિગત આગામી અંકમાં આપવામાં આવશે.

૫) તા. ૦૧-૧૧-૨૦૧૬ ના રોજ સાંજે ૫ કલાકે તળાવ દરવાજેથી બસ દ્વારા વડોદરા જવા રવાના. જમવાના પેકેટ બસમાં આપવામાં આવશે. રાત્રે ૧૦.૨૫ કલાકે વડોદરા એક્સપ્રેસ દ્વારા મુંબઈ રવાના.

**મંત્રી :**
**શ્રી ભાવેશ બીપીન મોદી**
૮૮૭૯૪૨૨૩૦૪

**સંયોજક :**
**શ્રી જીગર મણીકાંત કડકીઆ**
૯૮૨૦૩૩૧૫૩૫

**સહ સંયોજક :**
**શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**
૯૮૩૩૮૬૭૬૦૧

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૦ | ૧ | ૨૧-૦૪-૨૦૧૬ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**visit us at www.balasinor.org**

## તંત્રી સ્થાનેથી

# એનિમલ પ્લેનેટ

## મનોરંજન માટેનું હાથવગું સાધન 'ઈડીયટ બોક્સ'

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

શરીરને જેમ નિત્ય નિયમિત ખોરાકની જરૂર પડે છે તેમ મન ને પણ ખોરાકની જરૂર પડે છે. મનનો ખોરાક ઈન્દ્રિયો દ્વારા પૂરો પડાય છે. એમાં આંખ (જોવું) અને કાન (સાંભળવું) મુખ્ય ભાગ ભજવે છે. મનને હંમેશા આનંદમાં રાખવા, ખુશમાં રાખવા, બહેલાવવા અલગ અલગ પ્રકારના કિમીયા અજમાવાય છે. સારી ચોપડીઓ વાંચવી, નાટક, સિનેમા જોવા, મ્યુઝિક સાંભળવું વગેરે વગેરે. ઘરમાં આનંદમાં રહેવાનું હાથવગું સાધન એટલે ઈડિયટ બોક્સનું (ટેલિવિઝન).

ટીવીમાં વિવિધતાભરી અનેક ચેનલો આવે છે. એમાંની મારી ગમતી એક ચેનલ એટલે એનિમલ પ્લેનેટ. હું અને હેમા જંગલના પ્રાણીઓની વિવિધતા, એમની જીવન શૈલી, કંઈક અનોખું જોવા, માણવા, મથતા હોઈએ છીએ. જંગલના પ્રાણીઓના દિલડક દૃશ્યો રોમાંચ, ઉત્કંઠા પેદા કરે છે. અહીં જીવસટોસટના ખેલખેલાય છે. હાથતાળી આપીને છટકી જવાય છે. આબાદ પોતાનો જીવ બચાવી લેવાય છે. શિકાર માટેની યુક્તિ-પ્રયુક્તિ રચાય છે. જંગલની દુનિયાના સંશોધનકારો આપણને નવી નવી વાતો, બનાવો દેખાડવા, સંશોધન અર્થે નવા નવા સાહન ખેડે છે. આવી રસપ્રચુર ચેનલની થોડી વાતો, બનાવ વિશે આપણે જોઈશું.


શ્રીમતી હસુમતીબેન મંગળદાસ મોદી ના જે જે શ્રી ગોકુલેશ

### પાણીની બહાર, મગરને કેવી રીતે પકડે છે ?

આ માટે સાથે ગ્રુપમાં એક સાથે પાંચ-સાત જણા જોડાય છે. આમાં બે જણા સામેથી આજુ બાજુ થી આવે છે, બાકીના મગરને બધી બાજુથી ઘેરી વળે છે. આગળ રહેલા બે જણના હાથમાં મોટી લાકડીની આગળ દોરડાનો ગાળિયો લટકાવેલો હોય છે. પહેલા આગળનો એક જણ મગરના મોઢા પાસે આ દોરડાનો ગાળિયો લઈ જાય છે. મગર તેના પર હુમલો કરે છે. બચકું ભરવા મોં ખોલે છે. આ રકઝકમાં મગરનું ઉપલું જડબું ગાળિયામાં આવી જાય છે. જેવું ઉપલું જડબું ગાળીયામાં ફસાય છે. એટલે તરત જ તે દોરડાની લાકડી ઉંચી કરી દઈ ગાળિયો નાનો કરી દેવાય છે, ઉપલું જડબું ગાળિયામાં બંધાઈ જાય છે. તરત જ સામેથી આવેલો બીજો માણસ પોતાની પાસે રહેલો ગાળિયો મગર પાસે લઈ જાય છે. જેવું નીચેના જડબાથી દોરડાનો ગાળિયો પરોવાઈ જાય છે તરત જ તે વ્યક્તિ પણ લાકડી ઊંચી કરે છે, દોરડું ખેંચાવાથી ગાળિયો નાનો થઈ જાય છે. મગરનું મોઢું બંધ થઈ જાય છે. હવે પાછળથી એક સાથે બે જણ મગર પાસે આવે છે. પલકવારમાં એક જણ છલાંગ લગાવી મગરની પીઠ પર કૂદી પડે છે. તરત જ બંને હાથે મગરની ડોક જમીન તરફ દબાવી રાખે છે. પૂરેપૂરી હોંશિયારીથી બીજો પણ મગરની પીઠ પર પાછલા પગ પાસે કૂદી પડે છે. બંને જણ આખા શરીરનું વજન મગર પર નાખી દે છે અને તેને જમીન તરફ દબાવે છે. હવે આગળના બંને જણ ગાળિયાના દોરડા મોઢા પર ગોળ વીંટાળી મુશ્કેટાટ બાંધી દે છે. હવે આગળના બે પગ પાસે પીઠ પર બેઠેલો માણસ બંને પગને મગરની પીઠ પર ઊંધા વાળી દે છે. આ બંને પગ બાંધી દેવાય છે ત્યારબાદ પાછલા પગ પાસે પીઠ પર બેઠેલી વ્યક્તિ પાછલા બંને પગ પીઠ પર ઊંધા વાળી દે છે. તેને પણ દોરડા થી બાંધી દેવાય છે. ત્યારબાદ તેના પૂછડા ને પણ પીઠ પર ઊંધું કરી દઈ બાંધી દે છે. આ બાંધેલા મગરને તે લોકો પોતાની પાસે રહેલા કપડાના મોટા કોથળામાં પૂરી દઈ કોથળો બાંધી દે છે. ત્યારબાદ તેને તેમની સાથે લાવેલી વેનના એક ખાનામાં ધકેરી દેવાય છે.

### પાણીની અંદર ધૂઘવતા સમુદ્રની ભીતરનો નજારો અનેરો હોય છે

રંગબેરંગી, વિધ વિધ આકારની નાની મોટી વિશાળકાય માછલીઓ, સી-હોર્સ, સ્ટાર ફીશ, પાણીના સાપ, પાણીની અંદરની વનસ્પતિ, શિકાર ખાતી વનસ્પતિ, પેટાળમાં રહેલા વિવિધ રંગના આકારના પત્થર, શિલાઓ આપણને એક અજાયબ દુનિયામાં લઈ જાય છે. મોટી માછલીઓ બીજી માછલીના ઈંડા, નાના કદની માછલીઓનો શિકાર કરતી હોય છે. ખાઈ જતી હોય છે. વિશાળકાય માછલી પોતાના અસંખ્ય નાના બચ્ચા ને બચાવવા એક અલગ જ નુસખો અપનાવે છે. ભય જેવું લાગતા, બીજી મોટી માછલી પાસે આવતી લાગતા જ આ વિશાળલય માછલી પોતાનું મોટું મોઢું ખોલે છે. માતાનું મોઢું ખૂલતા જ બચ્ચા મોઢામાં પ્રવેશી જાય છે. મોઢામાં ધકેલાય છે અને જયાં સુધી આફત વર્તાય ત્યાં સુધી બચ્ચાને મોઢામાં જ છુપાવી રાખે છે.

### ચિત્તો, જંગલનું હિંસક, ખૂંખાર પ્રાણી

ઘાસના મોટા મોટા મેદાનોમાં શિકાર પર નજર રાખવા ઉંચા ઘાસની આડશ લે છે. ચિત્તો ઘાસમાં લપાતો છુપાતો નક્કી કરેલા શિકાર તરફ આગળ વધે છે. શિકારની નજર પોતાના પર પડે નહીં તે માટે ચારે પગે થોડો વાંકો વળી નીચો નમી ધીમી ગતિએ આગળ વધે છે. મોકો મળતા જ શિકાર પાછળ દોટ મૂકે છે.

પાછલા બે પગને દબાવી મોટી છલાંગો લગાવતો શિકાર તરફ દોડે છે. ગાફેલ શિકારને જ્યારે ખબર પડે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. જીવ બચાવવા જેવો શિકાર દોડવાનું ચાલુ કરે છે. ચિત્તો પોતાની ગતિ વધારે તીવ્ર બનાવે છે. લાગ મળતા જ શિકાર પર ચિત્તો કૂદી પડે છે, શિકારને ગળે થી પકડી લે છે. જ્યાં સુધી શિકારનો શ્વાસ બંધ ન થાય, મરણ ચીસો બંધ ન થાય ત્યાં સુધી શિકારનું ગળુ દબાવી રાખે છે. શિકારનો શ્વાસ બંધ થતાં જ ચિત્તો શિકારને છોડી દે છે. હાંફ ખાવા રોકાય છે, શ્વાસને નોર્મલ થવા દે છે. ત્યારબાદ મારણને ફાડી ખાય છે, અથવા ગળેથી ઉંચકી ઊંચા ઝાડ પર ચઢી શિકારને ઝાડ પર લટકાવી દે છે.

**આ રીતે શિકાર કરવા જતાં હારજીત નો ખરાખરીનો ખેલ જામે છે**

ચિત્તાએ નક્કી કરેલો શિકાર હરણ હોય અને હરણ પાછળ દોડે ત્યારે શિકારીના પંજાથી ભાગી છૂટવા હરણ મોટા, લાંબા કૂદકા લગાવતું અલોપ થઈ જાય છે. આવું ઘણીવાર થાય છે. ઘણીવાર ઝેબ્રા, જંગલી ભેંસોના ટોળા પાછળ દોડતો ચિત્તો થાપ ખાઈ જાય છે. જીવ બચાવવા આખું ટોળું દોડે છે ત્યારે ઘણીવાર માટીના, ઝીણી માટી- રેતીના ગુબ્બારા ઉડે છે. આખું વાતાવરણ ધૂંધળુ બની જાય છે. ચિત્તો નજરની ભ્રમણામાં રહી જાય છે અને ટોળું દૂર ભાગી જાય છે. સામેથી શિકાર કરવાનું ઘણીવાર ભારે પડી જાય છે. જંગલી ભેંસના બચ્ચા તરફ નજર રાખી ચિત્તો સામેથી આગળ વધતો હોય છે. ત્યારે માતા સહિત ટોળાની ભેંસો, પાડા વિફરે છે. સાથે મળીને ચિત્તા તરફ દોડે છે. ભય લાગતાજ ચિત્તો પાછો હટે છે. દૂર ભાગી જાય છે. મધ્યમ વયના ત્રણ ચિત્તાના બચ્ચા એક વાર નાની ભેંસને ઘેરી વળે છે. ત્રણે બાજુથી હુમલા શરૂ થાય છે. જંગ છેડાય છે. ભેંસ કૂદકા મારે છે. ગોળ ગોળ ફરે છે, ક્યારેક કોઈ એક ચિત્તા તરફ શિંગડાથી પ્રહાર કરે છે. બધી બાજુથી ઘેરી વળી ત્રણે ચિત્તાના બચ્ચાના આ નાની ભેંસને જમીન પર પટકી દે છે. જીવવાની જીજીવિષા દરેકને હોય છે. પૂરેપૂરા જોશથી આ ભેંસ પાછી ઉભી થઈ જાય છે. પૂરેપૂરી તાકાતથી દોડે છે અને દૂર રહેલા પોતામાં ભેંસના ટોળામાં ઘુસી જાય છે.

**જંગલની દુનિયાના સંશોધનકારોએ મદનીયાને, હાથીના બચ્ચાંને કેવી રીતે બચાવ્યું ?**

ભયાનક જંગલમાં વિહરતા હાથી અન્ય પ્રાણીઓ માટે સંશોધનકારોએ જાણ્યું કે આ જંગલમાં પાણીનો કોઈ સ્ત્રોત નજીકમાં નથી. હાથી તેમજ અન્ય જનાવરો માટે તેમણે લગભગ ૨૫ થી ૩૦ ફૂટ લાંબી ૨ થી ૩ ફૂટ ઊંચી ગોળાકાર કુંડી બનાવી (ગૌશાળામાં ગાયને ગોળ, ખોળ જેમાં ખવડાવે તેવું). એક વખત હાથીના ટોળા સાથે આવેલું બચ્ચું, મદનીયું મસ્તીએ ચડયું. કુંડી માંથી પાણી પીએ, ઉડાડે, ધમાલ કરે. તેવામાં તેણે આગલા બે પગ કુંડી પર મૂકી દીધા, ઊંચુ થયું, મોઢું નમાવી પાણી પીવા લાગ્યું. તેવામાં આગલો પગ, પાણી રાખેલી કુંડીમાં લપસ્યો. મદનીયું કુંડીમાં ફસાઈ ગયું. ઊંધુ થઈ ગયું. ચાર પગ ઉપર હવામાં. જંગલમાં ભયાનક ચીસોનું તાંડવ શરૂ થયું. ઘણા ધમપછાડા કર્યા પણ બહાર નિકળાય નહીં. સાથે રહેલા હાથી કુંડી પાસે આવે. બચ્ચાંને સૂંઘે, દૂર જતાં રહે. ધીમે ધીમે માતા સહિત બધા હાથી ઘણે દૂર જતા રહ્યા. ફસાયેલા મદનીયાને બચાવવા સંશોધનકારોએ હામ ભીડી. કાંઈ ખતરો ન લાગતાં એક જણ જીપમાંથી બહાર આવ્યો. પાસે રહેલા મોટા દોરડાના એક છેડાનો ગાળિયો બનાવ્યો, હવામાં ઉછાળ્યો, હાથીના પાછલા પગમાં ગાળિયો બરાબર ભેરવાયો. દોરડું ખેંચી ગાળિયા ને

કર્યો. હવે જીપ ને ઊંધી ઉભી રાખી દોરડાનો બીજો છેડો જીપની પાછળ બાંધ્યો. ખૂબ સાવચેતીપૂર્વક જીપ ચલાવવાનું શરૂ કર્યું. જીપ ધીમે ધીમે આગળ જતાં, દોરડું તંગ થયું, ખેંચાયું, હાથીના પગનો ગાળિયો ખેંચાયો. બહારની તરફ પગ ખેંચાયો, ધીમે રહીને શરીર બહારની તરફ ખેંચાઈ ગયું. તરત જ જીપમાં બાંધેલો દોરડાનો છેડો છોડી દેવાયો. જેવું મદનિયું બહાર આવ્યું કે તરત જ આમથી તેમ દોડા દોડ, ચીસાચીસ કરવા લાગ્યું, પગનું દોરડું આપોઆપ છૂટી ગયું. દૂર દેખાતા હાથીના ઝૂંડમાં મદનિયું નાસી ગયું.

આપણા સામાન્ય, એકની એક ઘરેડવાળા જીવનમાંથી થોડો સમય કાઢી કુદરતના સૌંદર્ય પ્રગટ કરતી, જંગલમાં વસવાટ કરતાં પ્રાણી-પક્ષીઓ નિકટ લઈ જતી ટેલીવિઝનની ચેનલ એનિમલ પ્લાનેટ ખરેખર માણવા લાયક છે. મન ભરીને કુદરતની લીલા માણો અને જીવનને આનંદવિભોર બનાવો.

# SHREE BALASINOR NAVYUVAK SANGH PRESENTS
# "CHALO BALASINOR" 27TH OCTOBER 2016 TO 1ST NOVEMBER 2016

Form No : __________ Date : _________

Name of Applicant : ____________________________________________

Address : ____________________________________________

____________________________________________

Telephone No : ______________________________ Mobile No: ______________________________

| SR. No | SURNAME | NAME | MIDDLE NAME | AGE | SEX | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| 01 | | | | | | |
| 02 | | | | | | |
| 03 | | | | | | |
| 04 | | | | | | |
| 05 | | | | | | |
| 06 | | | | | | |
| | | | | | TOTAL | |

| Package Cost | Sleeper Class | III AC | II AC |
|---|---|---|---|
| Male/Female Regular | Rs. 2,300/- | Rs. 3,200/- | Rs. 3,750/- |
| Sr. Citizen Female | Rs. 2,100/- | Rs.2,600/- | Rs. 2,900/- |
| Sr. Citizen Male | Rs. 2,200/- | Rs. 2,700/- | Rs. 3,050/- |
| Child (5 to 11 years) | Rs. 2,150/- | Rs. 2,850/- | Rs. 3,300/- |

**INSRUCTIONS:**

1. FORMS TO BE FILLED IN BLOCK LETTERS ONLY IN ENGLISH LANGUAGE.
2. PACKAGE CHARGES INCULDES TRAVELLING EXPENSES AND ALL MEALS AND BREAKFAST.
3. SEPARATE FROMS MUST BE FILLED FOR DIFFERENT TRAVELLING CLASS (XEROX ALLOWED).
4. FULL PAYMENT IN CASH WILL HAVE TO BE MADE AT THE TIME OF FORM SUBMISSION.
5. CANCELLATION CHARGES ALONG WITH AGENT CHARGES TO BE BORNE BY THE APPLICANT.
6. NO CANCELLATION ALLOWED AFTER 21 ST OCTOBER 2016
7. TICKETS ARE NOT TRANSFERABLE.
8. ALLPASSENGERS WILL HAVE TO CARRY THEIR GOVERNMENT PHOTO ID WITH AGE PROOF.

**(SECRETARY)**
**BHAVESH BIPIN MODI**
**9869080287**

**(CONVENER)**
**JIGAR MANIKANT KADAKIA**
**9820331535**

**(JT. CONVENER)**
**ALPESH YOGESH DHARIA**
**9833867601**

---

**FOR OFFICE USE ONLY**

Form No: __________

Name of Applicant : ____________________________________________

Received Rs. ____________________________

Receivers Signature : ____________________________

**FOR SHREE BALASINOR NAVYUVAK SANGH**

## આવશ્યક સુચનાઓ :-

૧) દરેક વ્યક્તિએ પોત પોતાના સામાનની હેરાફેરીની વ્યવસ્થા પોતે જ કરવાની રહેશે.

૨) દરેક વ્યક્તિએ પોતાના નામની ટીકીટમાં પોતેજ પ્રવાસ કરવાનો રહેશે. જો એ ટીકીટમાં બીજો કોઈ પ્રવાસ કરશે તો એની જવાબદારી જેતે વ્યક્તિની વ્યક્તિગત રહેશે.

૩) જો કોઈ કારણસર ટીકીટ કેન્સલેશન હશે તો તા. ૨૧-૧૦-૨૦૧૬ સુધીજ કેન્સલ કરવામાં આવશે. અને કેન્સલેશન ચાર્જ તથા એજન્ટનો ચાર્જ તે વ્યક્તિએ ભરવાનો રહેશે.

૪) સંપૂર્ણ વિગતો સાથે વિગતવાર ભરેલ ફોર્મ અને પુરી રકમ તા. ૦૧-૦૬-૨૦૧૬ થી ૧૫-૦૬-૨૦૧૬ સુધી નીચે જણાવેલ સ્થળોએ જમા કરવાના રહેશે.

**૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :** ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, મુંબઈ - ૪, ફોન નંબર : ૨૩૮૮૭૦૦૬, ફોર્મ સ્વીકારવાનો સમય બપોરે ૩ થી ૬, રવિવારે સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી. બુધવાર બંધ

**૨) શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ (સૌમીલભાઈ મોદી) :** ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, બેગમોહમદ સ્કુલની સામે, મુંબઈ-૩, ફોન નંબરઃ ૨૩૪૨૬૩૧૬, ફોર્મ સ્વીકારવાનો સમય : સોમવારથી શનિવાર બપોરના ૧૨ થી ૬ વાગ્યા સુધી.

**૩) બાલાસિનોર પ્રગતિ સમાજ :** ૪૫/૪૯ બાબુગેનુ રોડ, બાલકૃષ્ણ કૃપા, ઓફ કાલબાદેવી રોડ, મુંબઈ-૨, ફોન નંબર : ૨૨૦૫૩૪૭૬, **સંપર્ક : શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ** ફોર્મ સ્વીકારવાનો સમય : ૪ થી ૬ (સોમવાર થી શનિવાર)

**ઉપનગર ખાતે.**

**૪) શાહ હેમેન્દ્રભાઈ રમણલાલ શાહ (ચકવા) :** C-૩૦૨, સુમેરનગર, એસ.વી.રોડ, બોરીવલી વેસ્ટ, ફોર્મ સ્વીકારવાનો સમય સવારના ૧૦ થી ૧, મો.નંબર :૯૮૨૦૦૧૧૫૮૬

**૫) શ્રી વસંત નટવરલાલ દેસાઈ :** A-૩૦૩, શત્રુંજય બીલ્ડીંગ, પટેલ નગરની પાછળ, કાંદીવલી (વેસ્ટ), ફોર્મ સ્વીકારવાનો સમય સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી, મોબાઈલ નંબરઃ ૯૮૨૧૦૫૪૩૨૯

## નોંધ

૧) તા. ૨૭-૧૦-૧૬ થી ૦૧-૧૧-૧૬ જમણવાર દરમ્યાન મીનરલ વોટર (Disposable Glass / Bottle) આપવામાં આવશે.

૨) ટીફીનની વ્યવસ્થા કરવામા આવશે નહીં.

૩) દરેક વ્યક્તિએ Govt.Photo ID સાથે રાખવું જરૂરી છે.

૪) સંઘ દ્વારા આયોજીત 'ચાલો બાલાસિનોર'ના પ્રોગ્રામ માં સાથે ન જોડાનાર વ્યક્તિઓને જમવાના પાસ બે દિવસ પહેલા મળી શકશે. Same Day જમવાના પાસ આપવામાં નહીં આવે.

**મંત્રી :**
**શ્રી ભાવેશ બીપીન મોદી**
૮૮૭૯૪૨૨૩૦૪

**સંયોજક :**
**શ્રી જીગર મણીકાંત કડકીઆ**
૯૮૨૦૩૩૧૫૩૫

**સહ સંયોજક :**
**શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**
૯૮૩૩૮૬૭૬૦૧


શ્રીમતી અંજુબેન જગદીશ ધારીઆ ના જે જે શ્રી ગોકુલેશ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી મનોજભાઈ અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને
બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ હાથ ધરેલ છે.

**એ - ૪ સાઈઝ કોલેજ બુક ૧૫૦ રૂ. ડઝન**

**આ વેચાણ તા. ૨૨-૫-૧૬ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળોએથી હાથ ધરાશે અને નોટબુકો હશે ત્યાં સુધી મળશે.**

**શહેર વિભાગ** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ-૪
**સમય :** સોમવારથી શનિવાર ૨ થી ૭, રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦.
**નોંધ :** દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.

**પરા વિભાગ** :

(૧) **શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી :** બી/૧૨ નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક રોડ, એક્ટ-૧, સુર્યા નર્સિંગ હોમની સામે, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૮. મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૨) **પરીખ કોકીલાબહેન હીરાલાલ (ડાબલી) :** ૨૪/એ, કૈલાશ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વે), મુંબઈ - ૪૦૦૦૬૭,
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) :** સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

**નોંધ :** ગયા વર્ષની માર્કશીટની નકલ અથવા હોલટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સિવાય નોટબુકો આપવામાં નહી આવે.

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : જીતેન્દ્ર પ્રવિણચંદ્ર પારેખ**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
## સહભાગી સ્વ. મંજુલાબેન શાંતીલાલ પરીખ અને સ્વ. શાંતીલાલ સાંકરલાલ પરીખ (રાઠોડીઆ)
## નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપર્યુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૨૯-૫-૧૬ થી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગતો સાથે ભરી ને આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ :** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૨-૬-૨૦૧૬ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ :** ફક્ત નવા અરજીપત્રકો જ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય :** સોમવાર થી શનિવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦. (દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે).

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : જીતેન્દ્ર પ્રવિણચંદ્ર પારેખ**


સ્વ. ઈન્દુમતી ચીમનલાલ નગરશેઠ ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## શ્રીમતી શાંતાબેન શાંતીલાલ શાહ (ચોકસી) પુરસ્કૃત
## વાર્ષિક પારિતોષિક યોજના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓમાં વર્ષ ૨૦૧૫-૨૦૧૬ મા ઉર્તીણ થનાર વિદ્યાર્થી ભાઈ તથા બહેનોને પારિતોષિકો આપવાના છે.

જેમાં K.G. ધોરણ ૧ થી ૯, S.S.C, H.S.C., B.Com. B.Sc, BDC, CA, LLB, MBA, MBBS વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

તો દરેક પરિક્ષામા સારા માર્ક સાથે ઉર્તીણથનાર વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષકોપી) પાછળ પુરુ નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને ૧૨-૬-૨૦૧૬ સુધીમાં સંસ્થાની ઓફીસમાં આપી જવા વિનંતી.

ઈનામનું વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

મંત્રી : ભાવેશ બીપીન મોદી　　　　સહમંત્રી : જસ્મીન શેઠ

## હોસ્પીટલ સહાય યોજના - સ્વાસ્થ્ય યોજના

- શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી - સ્વાસ્થ્ય યોજના
- શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ - હોસ્પીટલ સહાય યોજના
- શ્રીમતી કમળાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાળા) - ટ્રીટમેન્ટ ફોર કેન્સર
- ઉજસ અનીષ ગાંધી - ટ્રીટમેન્ટ ફોર બાય-પાસ સર્જરી
- શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ - ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસ

## અગત્યની જાહેરાત

મંડળ સંચાલિત ઉપર્યુક્ત પ્રવૃત્તિઓના અનુસંધાનમા ચાલુ વર્ષે (૨૦૧૬-૨૦૧૭) હોસ્પિટલ તથા સ્વાસ્થ્ય યોજનાની સહાય લેવા ઈચ્છુક સભ્યોને નવા ફોર્મ નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવી વિગતવાર ભરીને મોકલવું.

**સમીર જયેન્દ્ર ગાંધી :** નિકોશી ટ્રેડીંગ કંપની, ૧૨/૫, ૧લે માળે, કારમેલોસ બિલ્ડીંગ, ૬૩/૬૭ પાઠકવાડી, લુહારચાલ, મુંબઈ-૨, ફોન નંબર: ૨૨૦૬૦૨૯૪

મંત્રી : ભાવેશ મોદી　　　　સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી


શોભનાબેન મહેન્દ્રકુમાર કડકીયા (બનડા) ના જે જે શ્રી ગોકુલેશ

# સાસુ-વહુ ગેર સમજણથી એક ભરપૂર સંબંધ

**– શૈલેષ દેસાઈ**

કવિ બોટાદકર એટલે 'જનનીની જોડ સખી નહી જડે રે લોલ' કાવ્યના રચયિતા એ સમયમાં તેઓ ગૃહજીવનના ભાવો આલેખનાર કવિ તરીકે સારા એવા જાણીતા. લગ્ન થયા પછી સાસરેથી પહેલી વાર પીયર આવેલી સોહાગણને કોઈએ પુછ્યું 'સાસરી કેવી રે ? આ કલ્પના પરથી કવિ બોટાદકરે તો આખુ કાવ્ય રચી નાખ્યું. સાસરી તેમણે લખ્યું દાદાએ દીધીને માડીએ માની રે, એ સુખ સોહલી સાસરી શાણી રે, માડી સમા ત્યાં તો સાસુ સલુણા રે, વહુ કે રે વેણ તો સાદ સુકાતારે, ઉરભરી અમૃત પળપળ પાતારે..

જમાનો બદલાઈ ગયો છે. સાસરી બાબત ઉપરોક્ત પંક્તિમાં રહેલી સ્થિતિ આજે બધે છે કે કેમ એતો મોટો પ્રશ્ન છે.

પુત્રના લગ્ન પછી દરેક પરિવારમાં ઘરખમ વળાંકો સર્જાતા હોય છે. લગ્ન પૂર્વેના પુત્ર સાથેના પરિવારના સભ્યોના સંબંધો અને લગ્ન બાદના સંબંધોમાં જમીન આસમાન જેટલો તફાવત સ્પષ્ટ પણે દેખાવા લાગે છે. આ ઘટના પાછળ મુખ્યત્વે ઘરના સભ્યોના મનોવૈજ્ઞાનિક કારણો જવાબદાર હોય છે. એમ સમજો કે લગ્નપછીની પરિસ્થિતિ પરિવારની જીવનશૈલીમાં ઘરમૂળથી પરિવર્તન આદરે છે. પુત્રના લગ્ન ઘરની હકુમતમાં એક ક્રાંતિકારી વળાંક સર્જે છે. સૌથી મજાની વાત તો એ બને છે કે લગ્ન પૂર્વે માતા પાછળ પડી હોય છે તે જલદી લગ્ન કરી લે જેથી પોતે વહેલી તકે વહુનું મોઢું જોઈ શકે. જ્યારે પુત્ર વિવાહના થોડા મહિનાઓમાં જ માતા વહુનું મોઢું જોવાનું પસંદ નથી કરતી! કલ્પના અને હકીકત વચ્ચેની આ ખાઈ ક્યારે પુરાશે તે કહેવું મુશ્કેલ છે.

**દરેક પરિવાર એક હિસ્સો છે.** પિતા પરિવારના સર્વે સર્વા. જ્યાં સુધી સત્તાની ડોર પિતાના હાથમાં હોય છે ત્યાં સુધી બધું વ્યવસ્થિત ચાલે છે. પરંતુ પુત્રના વિવાહ થતાંની સાથે જ પરિવારમાં એક નવું સત્તા કેન્દ્ર તૈયાર થાય છે. નવાઈની વાત તો એ બને છે કે જે પુત્ર આજ સુધી આજ્ઞાકારી પ્રજાનો હિસ્સો હતો તે હવે પોતાની પત્ની આવી જતા સ્વાધિન બની જાય છે. હવે આ પુત્ર આર્થિક તેમજ સત્તાકિય સ્વતંત્રતા ઈચ્છે છે. અલબત્ત આ બાબતમમાં પુત્રનો પણ કંઈ વાંક હોતો નથી. કારણકે હવે પુત્રની આસપાસ પણ પોતાનો એક નવો પરિવાર, એક નવા કેન્દ્રની રચના થવા માંડી છે. રાતોરાત આવેલા આ પરિવર્તનો સ્વીકારવા તૈયાર નથી હોતા તેથી પરિવારમાં સત્તાની સાંઠગાંઠ શરૂ થાય છે. એક બીજાને ઉતારી પાડવાનું રાજકારણ પરિવારમાં બે દાયકાથી ચાલતી પિતાની સત્તાને ઊથલાવી નાખવાનું કાવતરુ ઘડાયુ હોય તેવી પરિસ્થિતિ નિર્માણ થાય છે તેની પાછળ નવી વહુ આની પાછળ મોટો ભાગ ભજવે છે તેવુ માનવું બધા અન્ય સત્યોનું હોય છે.

વર્ષો સુધી પુત્રને ઉછેરી ભણાવી ગણાવી ઠરીઠામ કરવામાં પોતાની અડધી જિંદગી વિતાવી દેનાર માતા-પિતા હરગિઝ એ માનવા તૈયાર નથી થતાં કે લગ્નના માત્ર થોડા મહિનાઓમાં પોતાના પુત્રને વશમાં કરી લે. માતાની સાડીનો છેડો પકડીને મોટો થયેલ પુત્ર હવે પત્નીના પાલવમાં ખોવાઈ જાય તે બાબત માતા માટે તો આઘાતજનક સાબિત થતી હોય છે. ખરાખરીનો ખેલ તો હવે શરૂ થાય છે. માતા, માતા મટીને સાસુના પાત્રમાં પરિવર્તિત થાય છે અને વહુ હજુ સુધી નવા પરિવારમાં પોતાની જાતને ગોઠવે તે પહેલા જ શરૂ થાય છે. સાસુ વહુનો જંગ. ઘર ઘર કી કહાણી આજે કોઈ પરિવારમાં શરૂ થવાની બાકી છે તો કોઈ જગ્યાએ શરૂ થઈ ચૂકી છે. અને અનેક પરિવારમાં આ પીકચરનો ઈન્ટરવલ પડ્યો છે. અલબત્ત પિકચર અભી બાકી હૈ મેરે દોસ્ત.



સ્વ. નવીનચંદ્ર મણીલાલ દેસાઈ (તેલવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

સમાજની એવી માનસિકતા છે, જેને ભૂંસવામાં આજ સુધી કોઈ સફળ થયું જ નથી અને કદાચ એટલાં માટે જે સાસુ-વહુના સંબંધોને વર્ષોથી આપણો સમાજ નકારાત્મક નજરે જોઈ રહ્યા છે. જો એવું ન હોય તો એકતા કપુરની સિરીયલો ભારતમાં ટેલીવિઝન ક્ષેત્રે ક્રાંન્તી લાવનારી સાબિત થઈ ન હોત. સાસુ વહુના સંબંધોને જોવાનો આપણો એ ખયાલ બદલવો હશે તો આપણી વિચારવાની પધ્ધતીને બદલાવી પડશે. એક વાત જાણી લેવી જરૂરી છે કે પુત્ર પર સૌથી વધુ અસર માતાની હોય છે. તે પુત્રના લગ્ન બાદ પક્કડ ઢીલી કરવાની જરૂર હોય છે. પુત્રને પાળી-પોષીને મોટો કર્યો તેનો મતલબ એ નથી કે પુત્રના આત્માની માલિક બની બેસે તેને બદલે લગ્ન બાદ માલીકી ભાવનામાંથી મુક્ત કરી દે. ને પોતાની પુત્ર વધુને પરિવારની જવાબદારી સોંપી દે. પુત્રની ગૃહસ્થીમાં કારણ વગર દખલગીરી કરવાથી તેનાથી વિપરીત પરિણામ આવ્યા છે.

પિતા લગ્નબાદ દખલગીરી કરતાં નથી. બીજીતરફ આજના જમાનામાં સાસુની છબી પૌરાણિક કાળ જેવી જોવા મળતી નથી. આજના જમાનામાં વહુ અને સાસુ સાથે બ્યુટીપાર્લરમાં જતા હોય છે તેમજ શોપીંગ કરવા, મેચીંગ મેળળવા તેમજ અનેક પ્રકારની ખરીદી કરવા સાથે જતા હોય છે. વાનગીમાં પણ સાસુ વહુને પુછીને તૈયાર કરી લે છે. કામ બન્ને વેહેંચી લે છે. દરેક પરિવારનો આધાર સ્તંભ વહુ ને સાસુ પર આધાર રાખે છે. તે પરિવારમાં સુખ શાંતી કરી ખુશી લાવે છે. આર્થિક સ્થિતિને અનુકુળ રહીને આ સમયમાં હરવા-ફરવાના ધાર્મિક સ્થળોની મુલાકાત પણ સાથે ગોઠવતા હોય છે. સગા સંબંધીઓને મળવા સાથે નક્કી કરે છે. સાસુમાં માતૃબુદ્ધિ અને વહુમાં દીકરી બુદ્ધિ સંસ્કારો અને ડહાપણથી આવતી હોય છે. જો બન્ને આવી બુદ્ધિથી સાથે રહે તો જીવન ધન્ય બની જાય છે. સ્ત્રીઓના ગમા-અણગમામાં ન પડતા બંનેમાથી એક પાત્ર પણ ડહાપણ દાખવે તો કલેશને સ્થાન મળતું નથી. સાસુ વહુ જીવનરૂપી ગાડીના બે પૈડા છે. અને પિતા પુત્ર ગાડાને આગળ ખેંચી જનારા પેલા બે બળદ જેવા છે. જો ગાડાનું એક પૈડુ પણ અટવાયુ કે ખોટવાઈ જાય તો બળદિયાઓ ગમે તેટલી મહેનત કરે તો ગાડુ આગળ વધે ક્યાંથી ?

આગળના બે પૈડાં સાસુ ને વહુ બરોબર છે જ્યારે પાછલના બે પૈડા પિતા અને પુત્ર બરોબર છે.

સાસુ એ વહુમાં પોતાની પુત્રી જોવી જોઈએ તેજ રીતે વહુએ સાસુમાં પોતાની માતા જોવી જોઈએ. Psychology પ્રમાણે વહુએ પોતાની સાસુને મમ્મી કહીને જ ઉચ્ચાર કરવો જોઈએ ને સાસુએ વહુને દિકરી કહીને જ બોલાવવી જોઈએ. આવા ઉચ્ચાર વારંવાર કરવાથી હૃદયમાં પ્રેમભાવ ઉત્પન થાય છે. ઘણાં બહેન કહીને પણ બોલાવતા હોય છે. દરેક કુટુંબમાં સંબધો સર્જાય છે ને સર્જાયા જ કરવાના છે. દરેકના અંતરંગો અલગ અલગ હોય છે.

*****

## શ્રી બાલાસિનોર મિત્ર મંડળ
## મલાડ

દર વર્ષ મુજબ ચાલુ વર્ષે મલાડમાં વસતા બાલાસિનોર વાસીઓ માટે **રાહત દરે નોટબુકનું વિતરણ** નીચે જણાવેલ સ્થળે તા. ૨૨-૫-૨૦૧૬ના રવિવારના રોજ સવારે ૧૦ થી ૧ કલાકે રાખવામાં આવેલ છે.

**સ્થળ: મોદી રાજેન્દ્રભાઈ ચીમનલાલ**, ખેતાન એસ્ટેટ, ૨જે માળે, ૫૨ રામચંદ્ર લેન, મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪

**- દિલીપ એન. ધારીયા**


સ્વ. લીલાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

## બાલાસિનોર મેડીકલ સેન્ટર Managed by Shri VDNM Medical Trust

Email : vdnm.medicaltrust@gmail.com • Tel : 23670169

Page - 1

સર્વે બાલાસિનોરવાસીઓને,

અમારા આથાગ પ્રયોત્નો બાદ અમે નીચે મુજબની સેવાઓ આપવા માટે આગળ વધી રહ્યાં છીએ. છેલ્લાં કેટલાક મહિનાઓથી હરરોજ ૧૦ થી ૧૮ પેશન્ટો આપણાં સેન્ટરનો લાભ લઈ રહ્યાં છે તે આપ સર્વેની જાણ ખાતર.

### TIME TABLE OF VISITING DOCTORS

| NO. | DOCTORS | SPECIALIST | DAYS | TIMING |
|---|---|---|---|---|
| 1 | Dr. Alok Gandhi | Opthalmologist | Monday | 3.30 pm<br>(By Appointment) |
| 2 | Dr. M. P. Garg | Skin Specialist | Monday to Saturday | 11.30 am to 12.30 pm |
| 3 | Dr. Neeta Shah | Dietician | Monday<br>Wednesday<br>Saturday | 10.00 am to 01.00 pm<br>06.00 pm to 08.00 pm<br>10.00 am to 01.00 pm |
| 4 | Dr. Rajan Powle | General Surgeon | Monday<br>Thursday | 12.00 am to 01.00 pm<br>10.00 am to 11.00 pm |
| 5 | DR. Bhakti Dadia | Homeopathic | Tuesday<br>Thursday<br>Saturday | 05.00 pm to 07.00 pm<br>05.00 pm to 07.00 pm<br>11.00 am to 01.00 pm |
| 6 | Dr. Nilesh Chitalia | Auroplasty | Wednesday | 06.00 pm to 07.00 pm |
| 7 | Dr. Rajiv Parikh | Opthalmologist | Wednesday | 4.30pm<br>(By Appointment) |
| 8 | Dr. Sunil Maniar | Dermatologist | Thursday<br>Friday | 10.00 am to 11.00 pm<br>10.00 am to 11.00 pm |
| 9 | Dr. Hema Zaveri | Councilor | Friday | 12.00 am to 02.00 pm |
| 10 | Dr. Shekhar Kadam | Chest Physician | Saturday | 05.00 pm to 07.00 pm |

ડોક્ટરોના સહકારથી તેઓની રજીસ્ટ્રેશન ફી ઉપર ૫૦% **discount** આપવામાં આવશે.

### એનએમ મેડિકલ

૧) એનએમ મેડિકલના લોહી તથા કોઈ પણ પ્રકારનાં રેડીયોલોજી ટેસ્ટ ઉપર ૨૦% થી ૪૦% સુધીના ડીસ્કાઉન્ટ આપવામાં આવે છે. એનએમ મેડીકલનાં સ્પેશીયલ પેકેજમાં પણ ઉપર મુજબના ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.

૨) એનએમ મેડીકલની **Home Vist** ખૂબ જ વ્યાજબી દરે આપવામાં આવી રહી છે.

૩) ઉપર મુજબનાં ટેસ્ટો અને પેકેજો એનએમ મેડીકલનાં કોઈ પણ નીચે જણાવેલા સેન્ટરો ઉપરથી ઉપ્લબ્ધ છે તે જાણશો.

**ચોપાટી, મરીનલાઈન્સ, પરેલ, વાંદ્રા, ખાર, મલાડ, બોરીવલી, મુલુંડ**

# બાલાસિનોર મેડીકલ સેન્ટર Managed by Shri VDNM Medical Trust

Page - 2

## મેટ્રોપોલીસ હેલ્થકેર

૧) મેટ્રોપોલીસ લગભગ ૪૫૦૦ લોહીનાં પરિક્ષણો કરવા માટે સક્ષમતા ધરાવે છે.

૨) દેશભરની નામાંકિત ૫૦૦ હોસ્પીટલો મેટ્રોપોલીસનાં રીપોર્ટો માન્ય કરે છે.

૩) મેટ્રોપોલીસની Home Visit મુંબઈથી મીરારોડ સુધી બહુ જ સસ્તા દરે આપવામાં આવી રહી છે.

૪) મેટ્રોપોલીસનાં રીપોર્ટ તે જ દિવસે સાંજે ઈમેલ મારફતે પેશન્ટોને મોકલી આપવામાં આવે છે.

૫) જે મેમ્બરો આપણે ત્યાં મેટ્રોપોલીસનાં રીપોર્ટો કઢાવે છે તેઓનો અનુભવ કહે છે કે આપણાં સેન્ટરનાં Rate મેટ્રોપોલીસના બીજા સેન્ટરો કરતાં ખુબજ વ્યાજબી તથા નીચા દરે કરી આપવામાં આવે છે.

૬) **મેટ્રોપોલીસની સેવા આપણાં જ્ઞાતિજનો સિવાય બીજી કોઈ પણ વ્યક્તિ તેનો લાભ લઈ શકે છે. અમો ઈચ્છીએ છીએ કે તમે તમારા કુટુંબીજનો ઉપરાંત તમારા ફ્રેન્ડસર્કલમાં પણ ઉપર મુજબની સેવાનો લાભ લેવા આગ્રહ કરો એવી અમારી વિનંતી.**

## પેશન્ટોની જાણ ખાતર

૧) સેન્ટર સવારે ૭.૪૫ કલાકથી સાંજે ૭.૦૦ સુધી ખુલ્લુ રહે છે.

૨) સેન્ટરની પ્રગતિમાં આપણો નાનો એવો સ્ટાફ ખૂબ જ ઉમદા સેવા આપી રહ્યો છે.

૩) ઉપર જણાવ્યા મુજબ પેશન્ટો બહોળી સંખ્યામા સેન્ટરનો લાભ લઈ રહી છે અને વધુ ને વધુ પેશન્ટો લાભ લે એવી અમારી ભાવના છે.

૪) આપણાં જ્ઞાતિજનો તરફથી કોઈ પણ પ્રકારનાં સલાહ–સુચનો આવકાર્ય છે. આવાં સૂચનો ઉપર વિચારણા કરી યોગ્ય પગલાં લેવામાં આવશે.

૫) મિત્રો, સેન્ટર આપણું જ છે, આપણાં માટે જ સેવા આપી રહ્યું છે અને તેનો લાભ જેટલાં વધુ પેશન્ટો લેશે તેટલો જ લાભ જ્ઞાતિનાં જરૂરિયાતમંદોને **મેડીકલ રાહત** મારફતે પરત કરવામાં આવે છે.

લી. કારોબારી સમિતી

## આંતરિક રમત-ગમત - ૨૦૧૫-૨૦૧૬

Sponsored by: શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ (M/s સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) અને શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ)

ગત અંકમાં બે હક્કદાર કેરમમાં વિજેતાના નામ છાપવાને રહી ગયા હતા તે નીચે મુજબ છે.

ત્રીજુ ઈનામ (કેરમ ડબલ્સ લેડીસ)

નીકિતી સંદીપ મોદી - પીન્કી નીપલ દેસાઈ

**મંત્રી :** ભાવેશ મોદી

**સંયોજક :** મોદીઅજીત મોદી

## સુધારો

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**દાનની યાદી**

**શ્રીમતી કોકીલા દીનકરલાલ શાહ તરફથી રૂા. ૧૧,૦૦૦/- નું માતબર દાન**

**તેમની પુત્રી નીધી નીતીન શાહ અને પાર્થ પંકજ ચોકસીના લગ્ન પ્રસંગે પ્રાપ્ત થયેલ છે.**


Chandresh Enterprise Corp. (Crompton - Schneider - Wipro)

# ચૉકલેટ્સ

## ''ચ'' થી શરૂ થતી વિગત ઉકેલો :-

(૧) આ રહ્યા ..........ના રાણી, રાજા, એક્કો (૪)

(૨) દાદાની હમણાં ........ ની સારવાર ચાલે છે (૬)

(૩) કાગડા એ ............. પૂર્વક પાણીનાં કુંજા માં પથરા નાખ્યા (૪)


(૪) હિન્દી ફિલ્મ (૬)

(૫) મગદાળ, તુવેરદાળ, ..............., અડદ દાળ (૪)

(૬) ........... ધારી ટોળકી લગ્નવાળુ આખું ઘર સાફ કરી ગયા (૬)

(૭) મેળાનું આકર્ષણ (૪)

(૮) પક્ષી, નરમાદાની જોડી (૬)




જવાબ : (૧) ચરકટ (૨) ચરક પદ્ધતિ (૩) ચતુરાઈ (૪) ચલતે ચલતે (૫) ચણાદાળ (૬) ચડ્ડી બનિયન (૭) ચકડોળ (૮) ચકલોચકલી.

---

# ના કહેવાય ના સહેવાય

**નસકોરી ફૂટવી:** (૧) ૩ ગ્રામ ટંકણખાર ખાંડી તેમાં બે - ચાર ટીપાં પાણીના નાખી ઘટ્ટ લેપ કરી નાક પર બધી જગ્યાએ ચોપડવું. (૨) ૨૦ ગ્રામ મુલતાની માટી ૭૫૦ ગ્રામ પાણીમાં રાત્રે પલાળવી. સવારે તે પાણી ગાળીને પી શકાય તેટલું પીવું અને નીચે જામેલી માટીનો નાક અને કપાળ પર લેપ કરવો.

**ઓળી : અછબડામાં** – સાત કડવા લીમડાના કૂણા પાન અને સાત કાળા મરી બંને એક સાથે ખાવું. ૧ મહિના સુધી ખાવાથી ૧ વર્ષ સુધી રોગ નહી થાય. આની ગોળી પણ બનાવી શકાય છે.

**હથેળી અને પગના તળિયામાં પરસેવો થાય - પસીનામાં વાસ આવે.**

(૧) પાંચ ગ્રામ નવસાર પાણીમાં નાખી તે પાણીથી સ્નાન કરવું.

(૨) સીસમના આઠ પાન લઈ વાટી ને પીવા

ઉપયુક્ત પ્રયોગો આયુર્વેદિક વૈદ્ય, ડૉકટરની સલાહ મુજબ કરવા.

**ઉપયુંક્ત પ્રયોગ આયુર્વેદિક વૈદ્ય ડૉકટરની સલાહ અનુસાર કરવા.**


શ્રી સુકેતુ આર. મોદી (સી. લાઇટ) ના જે જે શ્રી ગોકુલેશ

# હીંડોળા ખાટ

**જોડી જોડો**

## મુખડા

(૧) ગમતું મળે તો અલ્યા ગૂંજે ન ભરીએ, ને
ગમતાંનો કરીએ ગુલાલ

(૨) તિલક, કરતાં ત્રેપન વહ્યા,
જપમાળાનાં નાકાં ગયાં.
તીરથ ફરી ફરી થાકયા ચર્ણ
તોય ન પોંતા હરિને શર્ણ

(૩) રક્ત ટપકતી સો સો ઝોળી
સમરાંગણથી આવે,
કેસર વરણી સમરસેવિકા કોમલ સેજ
બિછાવે. ઘાયલ મરતાં મરતાં રે
માતાની આઝાદી ગાવે.

(૪) આજે સૌને જયશ્રી કૃષ્ણ,
કાલે વહેલા આવજો.
મનમંદિરના ખૂણે ખૂણે થી,
કચરો કાઢી નાખજો.

(૫) કાનુડો ન જાણે મારી પ્રીત,
બાઈ અમે બાળકુંવારા રે.

(૬) બેસવું હોય તો બેસી જાજો,
ગાડી ઉપડી જાય છે.
ચેતવું હોય તો ચેતી જાજો,
ગાડી ઉપડી જાય છે.

(૭) કંઠે રૂપનું હાલરડું ને આંખે મદનો ભાર,
ઘુંઘટમાં જોબનની જવાળા ઝાંઝરનો ઝનકાર.

(૮) વાદલડી વરસી રે સરોવર છલી વળ્યાં,
સાસરિયે જાવું રે, મહિપરિયે મહાલી રહ્યા.

## અંતરા

(ક) અરે તન છોટું પણ મન મોટું,
છે ખમીરવંતી જાતિ,
ભલે લાગતો ભોળો
હું છેલછબીલો ગુજરાતી

(ખ) હરતાં ફરતાં કામ જ કરતાં,
હૈયે હરિ ને રાખજો.
માનબડાઈ છેટી મેલી, ઈર્ષ્યા કાઢી નાખજો.

(ગ) ગાંઠે ગરથ બાંધી ખારી શું જિંદગી
સરી સરી જાય એને સાચવશે ક્યાં લગી

(ઘ) મારા નાક કેરી નથણી રે,
વીરો મારો લેવા હાલ્યો,
વીરા લઈને વહેલો આવજે રે.

(ચ) એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો
આરસ-ખાંભી, એ પથ્થર પર કોતરશો
નવ કોઈ કવિતા લાંબી, લખજો.
ખાક પડી આંહી કોઈના લાડકવાયાની.


(છ) હું રે વરણાગી કાના! તારા રે નામની રે
કાનુડે તાણી માર્યા, તીર ... વાગ્યાં અરરરરે.

(જ) એક મૂરખ ને એવી ટેવ,
પથ્થર એટલા પૂજે દેવ.
પાણી દેખી કરે સ્નાન,
તુલસી દેખી તોડે પાન.

(ઝ) મોહન માસ્તર ટિકિટ માગે,
દોડાદોડી થાય છે.
સતસંગ રૂપી ટિકિટ બતાવો,
મફત મુસાફરી થાય છે.

**જવાબ :** (૧) - ગ, (૨) - જ, (૩) - ચ, (૪) - ખ,
(૫) - છ, (૬) - ઝ, (૭) - ક, (૮) - ઘ


એક શુભેચ્છકના સર્વ બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ


મોહે રંગદે

# શ્રી વાડાસિનોર દશાનિમા વૈષ્ણવ જોગ

**શ્રી વાડાસિનોર જ્ઞાતિના સર્વે વૈષ્ણવોને જય જય શ્રી ગોકુલેશ**

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે, વાડાસિનોરના વૈષ્ણવો માટે દક્ષિણભારત યાત્રાનું આયોજન હાથ ધરાયું છે. યાત્રાનું આયોજન નામી ટુર ઓપરેટર ને સોંપાયુ છે. આ યાત્રામાં નીચે જણાવેલ સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તિરુપતિ, કાંચી પુરમ, વિષ્ણુકાંચી, મદુરાઈ, રામેશ્વરમ, કન્યાકુમારી, વરકલા, ત્રીવેન્દ્રમ, કોવલમ, કોડાઈકેનાલ. પ્રવાસની તારીખ અંદાજે ૧૫ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૬ની આસપાસ નક્કી થયેલ છે.

પ્રવાસી દીઠ યાત્રા ખર્ચ રૂા. ૩૧,૫૦૦/- આશરે નક્કી થયેલ છે. આ રકમમાં નીચે જણાવેલ સુવિધાઓનો સમાવેશ થયેલ છે.

પ્રવાસ મુંબઈ થી શરૂ થઈ મુંબઈ સમાપ્ત થશે. (પ્રવાસ કુલ્લે ૧૩ થી ૧૪ દિવસનો હશે). પ્રવાસ દરમ્યાન મહાપ્રભુજીની ૪ બેઠકો સામેલ કરાયેલ છે, જેમાં ફક્ત બે જ બેઠકોમાં ઝારીજી ભરી શકાશે અને અન્ય બેઠકો ના માત્ર દર્શન પ્રાપ્ત કરી શકાશે. યાત્રા ૩ ટાયર એ.સી. દ્વારા પ્રવાસ. (૨ ટાયર એ.સી. પ્રવાસીઓએ વધારના રૂા. ભરવાના રહેશે.) સુપર ડીલક્ષ એ.સી. રૂમ (કપલ દીઠ), એસી. બસો, (તિરુપતિ સિવાય), સવારના બેડ ટી થી રાતના મસાલા મિલ્ક, બન્ને સમયનું સ્વાદિષ્ટ ભોજન, સવારનો ગરમ નાસ્તો તથા બસ પ્રવાસ દરમ્યાન ફેન્સી ફરસાણના પેકેટો, અને ફક્ત બે વખત ડ્રાયફ્રુટના પડીકા આપવામાં આવશે.

નોંધઃ સિનિયર સીટીઝન મહિલાઓ ઉંમર ૫૮ વર્ષ તથા પુરુષો ૬૦ વર્ષને રેલ્વે પ્રવાસના દરોમા રાહત પછીથી કાપી આપવામાં આવશે. યાત્રા દરમ્યાન કુલીઓનો ખર્ચ યાત્રીઓએ ચુકવવો પડશે. રીક્ષા ખર્ચ યાત્રીઓએ ચુકવવો પડશે. ઠાકોરજીની બે બેઠકોમાં ઝારીજી ભરવા અપરસ ના વસ્ત્રો સાથે લાવવાં અનિવાર્ય છે.

યાત્રા માટે બુકિંગના ફોર્મ તા. ૨જી મે ૨૦૧૬ને સોમવારે, સમય સાંજના ૪ થી ૬ દરમ્યાન પ્રગતી સમાજના કાર્યાલય, ૪૫-૪૯ બાબુગેનું રોડ, કાલબાદેવી, મુંબઈ - ૨, શ્રી કિર્તિભાઈ હીરાલાલ કડકીઆ પાસેથી તથા મુંબઈમા પરામાં સ્થાઈ વૈષ્ણવો શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા), સી-૩૦૨, સુમેર નગર, એસ.વી. રોડ, બોરિવલી (વેસ્ટ), મુંબઈ - ૯૨ ખાતેથી મંગાવી લેવા.

સંપૂર્ણ વિગતો ભરેલા ફોર્મ સાથે પ્રવાસી દીઠ રૂા. ૩૧,૫૦૦/- ની રકમ તા. ૭ મી મે ૨૦૧૬ ને શનિવાર સમય બપોરના ૩.૦૦ થી ૬.૦૦ દરમ્યાન સ્વીકારવામાં આવશે. રકમ ફક્ત રોકડા રૂપિયામાં જ લેવામાં આવશે. રકમ ફક્ત ૫૦૦ તથા ૧૦૦ની નોટોમાં ચુકવવા વિનંતી તથા કોરા કાગળ પર નોટોના નંબર લખી ને લાવવા અનીવાર્ય છે. બુકિંગ સમયે વહેલો તે પહેલો ના ધોરણે ફક્ત ૩૫ કપલ એટલે કે ફક્ત ૭૦ યાત્રીઓનો સમાવેશ કરવામાં આવશે. ત્યારબાદ આવેલ યાત્રીઓ વેઈટીંગલિસ્ટમાં રહેશે. પ્રવાસીઓની સંખ્યા વધારીને ૫૨ કપલ એટલે કે ૧૦૪ પ્રવાસીઓના પ્રયત્નો થઈ રહ્યા છે. કોઈપણ કારણોસર ફોન દ્વારા બુકિંગ કરવામાં નહીં આવે.

**વધુ વિગતો માટે નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક કરવા વિનંતી.**


**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર)**
**૯૯૩૦૪૩૩૨૩૧**


**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિયા**
**૯૮૨૦૧૩૫૦૧૪**


સેલ્ફી સ્પોટ






ભીમ – ભમેડો
બાલાસિનોર





## શ્રી વાડાસિનોર દસાનિમા વિદ્યોતેજક મંડળ
## બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ

# સમાજના દાતાશ્રીઓને અપીલ

બદલાતા સમયની સાથોસાથ ખર્ચ પણ કુદકે ને ભુસકે વધી ભલભલાંને નાહિંમત કરી રહ્યો છે. આવાં કપરા સંજોગોમાં કેટલાય ઉત્સાહી વિદ્યાર્થીઓની આવશ્યકતાઓ પરિપૂર્ણ કરવામાં વિદ્યોતેજક મંડળ - ટ્રસ્ટને પણ ખેંચ વર્તાય છે. સમાજનો કોઈપણ વિદ્યાર્થી આર્થિક સંકડાશને કારણે ભણતરમાં અગવડના ભોગવે એ હેતુને વરેલ વિદ્યોતેજક મંડળ-ટ્રસ્ટ તેથી જ સમાજના દાતાઓ સમક્ષ નવી વિદ્યાલક્ષી યોજનાઓ રજુ કરે છે અને આશા વ્યક્ત કરે છે કે સમાજનાં ઉદાર દિલ દાતાઓ હંમેશ માફક દાનનાં પ્રતિસાદ વડે આ યોજનાઓને અપનાવી લેશે. નીચે મુજબ યોજાઓ માટે દાતા - પુરસ્કરતા આવકાર્ય છે.

**કારોબારી સમિતિ વતી**
**મંજુલ શૈલેષ ધારિયા, જાસ્મીન બિપીન શેઠ**
**માનદ્મંત્રીઓ**



શ્રીમતી કોકીલાબેન મણીકાંત કડકીયા ના જે જે શ્રી ગોકુલેશ

# Proposed Scheme Of Shree Vadasinor Dashanima Vidhyotejak Mandal

| No. | Scheme | Amount |
|---|---|---|
| 1. | Education Scheme For Chartered Accountants (CA) Course | 5,00,000/- |
| 2. | Education Scheme For Cost and Work Accountants (ICWA) Course | 5,00,000/- |
| 3. | Educatiion Scheme For Company Secretary (CS) Courses | 5,00,000/- |
| 4. | Education Scheme For Cost & Financial Analyst (CFA) Course | 5,00,000/- |
| 5. | Primery Education Scheme (K.G. & std I to IV) | 7,50,000/- |
| 6. | Master Degree Course (Other than Medical) | 11,00,000/- |
| 7. | Education Scheme For Diploma Courses | 11,00,000/- |
| 8. | Education Scheme For Coaching Classes (Std I-IX) | 11,00,000/- |
| 9. | Education Scheme For Coaching Classes (Std X-XII) | 11,00,000/- |
| 10. | Education Scheme For Coaching Classes (Professional Courses) | 11,00,000/- |
| 11. | Education Scheme For Information Technology Courses | 11,00,000/- |

## શ્રી વાડાસિનોર દસાનિમા વિદ્યોતેજક મંડળ
## બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ

# અનુકરણીય દાન

વર્ષ ૨૦૧૫-૨૦૧૬ દરમ્યાન, સંસ્થાને નિચે મુજબ દાનની રકમ
સખાવતી દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | બિપિનકુમાર ઈલેક્ટ્રીક કોરર્પોરેશન<br>શ્રી મોહનલાલ દેવ ટેરિટેબલ ટ્રસ્ટ ન્યાસ ફંડ | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| ૨. | શ્રીમતી તરુલતા મોદી<br>શ્રી મોહનલાલ દેવ ચેરિટેબલ ટ્રસ્ટ ન્યાસ ફંડ | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| ૩. | શ્રીમતી કોકિલાબેન દિનકરલાલ શાહ | રૂા. ૧૧,૦૦૦/- |
| ૪. | શ્રી હરેન્દ્ર નટવરલાલ દેસાઈ | રૂા, ૧૧,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો, દાતા પરિવારનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે અને તેમના તથા તેમના પરિવારની સુખ, શાંતી અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

કારોબારી સમિતિ વતિ
મંજુલ શૈલેશકુમાર ધારિયા, જાસ્મીન બીપીન શેઠ
માનદ્‌મંત્રીઓ.

# કે. એમ. જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

બાલાસિનોર કે. એમ. જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧૬-૩-૨૦૧૬ના રોજ ટ્રસ્ટને પ્રોત્સાહિત દાન આપનાર સખાવતી દાતાશ્રીઓનો સન્માન સમારંભ સંસ્થાના પ્રમુખ શ્રી વસંતભાઈ પરીખના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ પરીખે તમામ દાતાઓના અને આમંત્રીતોનો આ સુપર સ્પેશીયાલીટી સેન્ટરના વિકાસમાં ફાળો આપવા બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. વધુમાં સ્થાનીક દાતાઓને પણ ખભે ખભા મીલાવીને આ પ્રોજેકટમાં સહભાગી થવા વિનંતી કરી હતી. આ પ્રસંગે માનનીય ડૉ. નરેશભાઈ વેદ (એમ. એ., પી.એચ.ડી.) આર્શીવચન આપવા પધારેલ. મુખ્ય મહેમાન તરીકે શ્રી પ્રફુલ્લભાઈ ઓચ્છવલાલ શેઠ હાજર રહેલા.

આ પ્રસંગે માહે ફેબ્રુઆરી ૨૦૧૬ના માસના અંકમાં પાના નં. ૩૭ થી ૪૦ ઉપર પ્રસિદ્ધ કરાયેલ કુલ - ૫૨ (બાવન) સખાવતી દાતાશ્રીઓનું સંસ્થાના પ્રમુખશ્રી વસંતભાઈ પરીખ, માનનીય ડૉ. નરેશભાઈ વેદ, શ્રી નવિનભાઈ શાહ તથા શ્રી પ્રફુલભાઈ શેઠના વરદ હસ્તે મોમેન્ટો તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ.

હોસ્પિટલનો સવિસ્તાર અહેવાલ તેમજ નવનિર્મિત થનાર સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના બાંધકામ અંગેની પ્રગતિ અહેવાલ સંસ્થાના સ્થાનિક મંત્રીશ્રી રજનીભાઈ ઓચ્છવલાલ શાહે આપેલ.

આપણી આ હોસ્પિટલની પાયાની સ્થાપનાથી માંડીને આજદિન સુધીની પ્રગતિનો અહેવાલ, વહીવટ તથા સંચાલન , સચોટ માહિતી તેમજ હોસ્પિટલનો તથા નવનિર્મિત થનાર હોસ્પિટલ અંગેનો આર્થિક ચિતાર આ સંસ્થાના અગ્રણી ટ્રસ્ટી અને પાયાના સંનિષ્ઠ તેમજ સક્રિય કાર્યકર મુરબ્બી શ્રી રસિકલાલ સાંકરલાલ મોદી (દેવ) એ આપેલ. તેઓશ્રી સને ૧૯૭૪ થી આ સંસ્થા સાથે સક્રિય અને પોતીકી રીતે સંકળાયેલા છે. આજુબાજુના તાલુકાઓના જે ગરીબ અને મધ્યમવર્ગના દરદીઓ હાલ લાભ લઈ રહ્યા છે તે લાભ હજુ વધુ ને વધુ લાભ લઈ શકે તે માટે સમારંભમાં ઉપસ્થિત તમામ આમંત્રીતો તથા બાલાસિનોરના નગરજનોને ઉદારહાથે દાન આપવા માટે જાહેર વિનંતી કરેલ. જેથી બાલાસિનોર નગરની તેમજ તાલુકાની તથા આજુબાજુના ચાલીસેક કીલોમીટરના વિસ્તારની તથા અન્ય તાલુકાઓની ગરીબ અને મધ્યમવર્ગની જનતા વધુને વધુ લાભ લઈ શકે. માનવતાવાદી ઉમદા વિચારો ધરાવતા મુરબ્બી શ્રી રસિકકાકા(દેવ) ના સુચનોને આવકારી સંસ્થાના કારોબારી મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ ઉપસ્થિત સર્વે આમંત્રીતોને દાનની ગંગા વહેવડાવવા માટે જાહેર અપીલ કરેલ. સંસ્થાના બીજા કારોબારી મંત્રી શ્રી નિતિનભાઈ પરીખ તથા ખજાનચી શ્રી પરેશભાઈ પરીખ (દૂધવાળા) પણ સદર સમારંભમાં ઉપસ્થિત રહેલા.

માનનીય ડૉ. નરેશભાઈ વેદે પ્રાસંગિક પ્રવચન કરેલ. તેઓશ્રીએ જણાવેલું કે, આ હોસ્પિટલ જાહેર જનતા માટે ઘણીજ આર્શીવાદરૂપ છે, અને આ સમારંભમાં ઉપસ્થિત તમામ નગરજનોને આ સંસ્થામાં અવિરત દાનનો પ્રવાહ ચાલુ રાખીને ગરીબ દરદીઓની વધુને વધુ સેવા કરી માનવતાના આ માયાળુ કૃત્યને વધુ વેગવાન બનાવવા માટે હૃદયપૂર્વક આહવાન કરેલ અને તેઓશ્રીએ વધુમાં આ પ્રસંગે જણાવેલ કે આ સંસ્થા આવકવેરા ધારાની કલમ ૩૫ એસી મુજબની માન્યતા અંગેનું પ્રમાણપત્ર ધરાવે છે. તો સર્વે વિશાળ તેમજ ઉદારદિલના સખાવતી દાતાશ્રીઓને આ સર્ટીફીકેટનો લાભ લેવા વધુને વધુ દાન આપવા માટે જાહેર અપીલ કરેલ.

આ પ્રસંગે સમારંભના મુખ્ય મહેમાન શ્રી પ્રફુલભાઈ શેઠ લાગણીસભર પ્રવચન કર્યું હતું અને હોસ્પિટલના વિકાસમાં સહભાગી થવા સૌ આમંત્રીતોને અપીલ કરી હતી અને તેઓશ્રીએ બહુ સુંદર વાત કરી કે "It is easy to earn and difficult to spent but more difficult to donate" અને સમાજના વિકાસ માટે ખુલ્લા દિલે દાન કરવું તે અતિ ઉત્તમ માર્ગ છે. શ્રી પ્રફુલલ્લભાઈના ધર્મપત્નિ શ્રી તરૂબેન તથા પુત્ર શ્રી કામીલભાઈ અને પુત્રી છાયાબેન તથા તમામ કુટુંબીજનોએ આ પ્રસંગે હાજરી આપી હતી.

આ પ્રસંગે નવનિર્મિત થનાર 'કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર' માટે નીચે મુજબનું દાન-વચન દાતાશ્રીઓ તરફથી મળેલ છે. સંસ્થા દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

(૧) શ્રીમતી નીશાબેન અને જયેશકુમાર શાહ (નગરશેઠ) ૭,૦૦,૦૦૦/-
(સુપર ડીલક્ષરૂમના નામકરણ માટે)

(૨) મણીબેન હંસરાજ જગજીવન શાહ ટ્રસ્ટ ૫,૦૦,૦૦૦/-
(સેમી ડીલક્ષ રૂમના નામકરણ માટે) હ. શ્રી નિતીન ગાંધી

(૩) શ્રી સતિષભાઈ રસિકલાલ પરીખ (લાકડાવાળા) ૫,૦૦,૦૦૦/-
(સેમી ડીલક્ષ રૂમના નામકરણ માટે)

(૪) શ્રી મનહરલાલ ચુનીલાલ કડકીઆ (મલમ) તરફથી ૫,૦૦,૦૦૦/-
એક ડૉક્ટર કેબીન માટેનું દાન-વચન મળેલ છે.

(૫) શ્રીમતી તરૂલતાબેન મોદી(દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ ૪,૦૦,૦૦૦/-
'સર્વરોગ નિદાન કેમ્પ'માં અગાઉના રૂા. ૨૧ લાખમાં વધુ રૂા. ૪ લાખના દાનની આજે જાહેરાત કરી છે.
એમ કુલ દાન રૂા. ૨૫ (પચીસ) લાખ પહોચ્યુ છે.

(૬) હેમા વિનિત મોદી (દેવ) તથા શીલ્પા ઉર્વિશ મોદી (દેવ)
તરફથી (સેમી ડીલક્ષ રૂમના નામકરણ માટે) અગાઉના ૨,૫૦,૦૦૦/- માં વધુ
રૂા. ૨,૫૦,૦૦૦/- ના દાનની જાહેરાત કરી કુલ ૫,૦૦,૦૦૦/-

(૭) શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાળા) તરફથી
(સેમી ડીલક્ષ રૂમના નામકરણ માટે) અગાઉના ૨,૫૦,૦૦૦/- માં વધુ
રૂા. ૨,૫૦,૦૦૦/-ના દાનની જાહેરાત કરી કુલ ૫,૦૦,૦૦૦/-

(૮) તન્વી જતીન પટેલ અને યેશા જતીન પટેલ (ન્યુઝીલેન્ડ) ૧,૫૦,૦૦૦/-

(૯) લતાબેન રમેશભાઈ શાહ (ચાનકી) પલંગ એક નંગ માટે ૫૦,૦૦૦/-

(૧૦) આર્યાના નિતેષ ધારીઆ હ. નિખિલ ધારીઆ (પલંગ એક) ૫૦,૦૦૦/-

(૧૧) ગીતાબેન દીપકભાઈ પરીખ (અધોળી) ૧ મીતી (૧૯ જુન) ૭,૫૦૦/-

(૧૨) શ્રી સતીષ રસિકલાલ પરીખ (લાકડાવાળા) ડાયાબીટીસ કેમ્પ ૧,૨૫,૦૦૦/-

(૧૩) ચંદ્રિકાબેન ભરત પરીખ હ. ભરત પરીખ (૧ સ્ટીલ બેન્ચ માટે) ૨૧,૦૦૦/-

(૧૪) 'મેસર્સ પ્રિસીશન પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ' તરફથી નવનિર્મિત સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના બાંધકામની તમામ ઈલેકટ્રીકલ અને પાણીની તથા સીવેઝ પાઈપો તથા તેના ફીટીંગ માટેનું દાન વચન શ્રીમતી નીતાબેન સુનીલભાઈ કડકીઆ તથા તેમના પુત્ર કુણાલભાઈ તરફથી મળેલ છે. સંસ્થા દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

સંસ્થાના કારોબારી મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ નવનિર્મિત 'કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર'ના વિવિધ વિભાગોના નામકરણ માટે નીચે મુજબની સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે તેમ જાહેર કરેલ. અને તમામ દાતાશ્રીઓએ ટ્રસ્ટની 35 AC તથા FCRA નો લાભ લેવા તેમજ ઉદાર હાથે ઉમદા દાન આપવા વિનંતી કરેલ.

**નામકરણ માટેની સ્કીમો નીચે મુજબ છે.**

(૧) ડોકટરોની કન્સલ્ટીંગ રૂમો ૧૯ રૂમો એક રૂમના પાંચ લાખ રૂા. ૯૫ લાખ

(૨) ડાયાલીસીસ સેન્ટર રૂા. ૫૦ લાખ

| | | |
|---|---|---|
| (૩) | લીફ્ટ - ૨ (રૂા. ૨૦ લાખ એક પ્રમાણે) | રૂા. ૪૦ લાખ |
| (૪) | આઈ. સી. યુ. તથા સુપર ડીલક્ષ રૂમો માટે ઓટોમેટીક પલંગ (૪૦ નંગ) ૧ લાખ પ્રમાણે | રૂા. ૪૦ લાખ |
| (૫) | હાયડ્રોલીક પલંગ (૮૦ નંગ) ૧ નંગના ૫૦ હજાર પ્રમાણે સેમી ડીલક્ષ રૂમ તથા વોર્ડ માટે | રૂા. ૪૦ લાખ |
| (૬) | લેપ્રોસ્કોપી વિભાગ | રૂા. ૨૫ લાખ |
| (૭) | કોન્ફરન્સ હોલ | રૂા. ૨૫ લાખ |
| (૮) | મેમોગ્રાફી વિભાગ | રૂા. ૨૫ લાખ |
| (૯) | એડમીનીસ્ટ્રેશન બ્લોક | રૂા. ૨૫ લાખ |
| (૧૦) | દર્દીઓના સગા સંબંધીઓ માટે ૮૦૦ સ્કે.ફીટ વેઈટીંગ હોલ | રૂા. ૨૫ લાખ |
| (૧૧) | લેબર રીકવરી રૂમ | રૂા. ૧૦ લાખ |
| (૧૨) | બ્લડ કલેકશન રૂમ | રૂા. ૧૦ લાખ |
| (૧૩) | કેન્ટીન | રૂા. ૧૦ લાખ |
| (૧૪) | સ્ટીલ બેન્ચ (૫૦ નંગ) ૧ નંગના ૨૧ હજાર પ્રમાણે | રૂા. ૧૦ લાખ |

**ઉપરોક્ત વિભાગ માટે દાતાશ્રીઓ આવકાર્ય છે. માનવતાના આ કાર્યમાં ઉદાર હાથે ફાળો આપી સહભાગી થવા વિનંતી.**

**શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતીન પરીખ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૮મી બેઠક તા. ૨૯-૩-૧૬ના રોજ સાંજે ૬.૪૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ સંસ્થાની ઓફિસ ખાતે ઉપપ્રમુખ શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદીના નેજા હેઠળ મળી હતી.

તેમાં નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા. સંસ્થાના સહમંત્રીએ શ્રી જાસ્મીન શેઠએ ગત મિટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) પુરસ્કૃત મહિલા વિભાગના સંયોજક શ્રી વસંત પરીખએ હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક શ્રી કિર્તીભાઈ કડકીઆએ હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી પુરસ્કૃત મહિલા વિભાગના સંયોજક શ્રીમતી અમીબેન ધારીઆએ હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી (ચેપ) જનસાથી ટ્રોફી, શ્રી દીલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) બીએન એસ લાલખા ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) તથા શ્રી પુનમચંદ સાંકરલાલ કડકીઆ (બેરા) બી એન એસ લાલખા બેરા ટી ૨૦ લીગના સંયોજક શ્રી ચીરાગ પરીખએ એમનો અહેવાલ અને હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી સ્વાસ્થ્ય યોજના, શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ હોસ્પિટલ સહાય યોજના, શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાળા) ટ્રીટમેન્ટ ફોર કેન્સર યોજના, કુમાર ઉજસ અનીષ ગાંધી ટ્રીટમેન્ટ ફોર બાય પાસ સર્જરી, શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ ફોર કીડની ડાયલીસીસ યોજના તથા શ્રીમતી દમયંતીબેન પ્રવીણચંદ્ર શાહ (ઝાટ) ટ્રીટમેન્ટ ફોર ઓરથોપેડીક સર્જરીના સંયોજક શ્રી સમીર ગાંધીએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી) પુસ્તક યોજના, શ્રી મનોજભાઈ પ્રવીણચંદ્ર કચેરીઆ મેડીકલ અને .એન્જીનીયરીંગ ટેક્ષબુક યોજના, શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) તથા પરિવાર પોસ્ટ ગ્રેજયુએશન ટેક્ષબુક યોજના, શ્રીમતી નુતનબેન અક્ષય પરીખ (બખલી) ધોરણ ૧૦ થી ગ્રેજ્યુએશન ટેક્ષબુક યોજના અને માતુશ્રી મનીબેન તથા પિતાશ્રી વલ્લભદાસ ગરબડદાસ ગાંધી પ્રોફેશનલ ટેક્ષબુક યોજનાના સંયોજક શ્રી જગદીશભાઈ પરીખે એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મંજુલાબેન શાંતીલાલ મહેતા (ધરીવાલા) કોમ્પ્યુટર એજ્યુકેશન યોજનાના સંયોજક શ્રી અલ્પેશભાઈ ધારીઆએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

જ્યોતિ પુંજના સંયોજક શ્રી બંકીમ પરીખ અનઉપસ્થિત હોવાથી મંત્રી શ્રી ભાવેશ મોદીએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

ગીરીપુજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીનચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજનાના સંયોજક શ્રી સમીર ગાંધીએ એમનો હીસાબ અને એહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) ટેલીફોન ડીરેકટરીના સંયોજક તથા સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠએ તેમનો અહેવાલ અને હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી સુરેન્દ્ર પરીખ (સુરેન્દ્ર એન્જીનયરીંગ

કોર્પોરેશન) અને શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) આંતરીક રમત ગમત ના સંયોજક શ્રી અજીતભાઈ મોદી રમત ગમતના વિજેતાઓના નામની રજુઆત કરી હતી અને તેનું વિતરણ વાર્ષિક સામાન્ય સભાના દિવસે કરવાનું સુચન કર્યું હતું તે પસાર કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રી ભાવેશ મોદીએ જણાવ્યું હતું કે ભારત બહાર વસતાં જેઓને જ્યોતિ પુંજ પોસ્ટ કરાય છે તેમના પોસ્ટીંગ મે મહીનાના અંકથી પ્લાસ્ટીક બેગ મા થશે જેથી રેપર ફાટવાની કંપલેઈન ઓછી થશે.

ઉપપ્રમુખ શ્રી સોમિલ મોદીએ આ વર્ષે ચાલો બાલાસિનોર કરવાની રજુઆત કરી હતી તે સર્વાનુમતે પસાર કરવામા આવી તે માટે તેઓએ શ્રી જીગર કડકીઆ સંયોજક તથા શ્રી અલ્પેશ ધારીઆ સહસંયોજક ના નામની રજુઆત કરી હતી તે સર્વેએ માન્ય રાખી હતી.

મંત્રી શ્રી ભાવેશ મોદીએ જણાવ્યું હતું શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવ માટે બીરલા માતુશ્રી સભાગૃહનું બુકીંગ તા. ૧૩-૧૧-૧૬ના રોજ થયેલ છે.

કુલ બે સભ્યોની લીવની અરજીઓ આવી હતી તેમના નામ નીચે મુજબ છે. શ્રી જીગર કડકીઆ તથા શ્રી ચંદ્રેશ કડકીઆ.

કુલ ૭ નવી લાઈફ મેમ્બરશીપની અરજીઓ આવી હતી તેમના નામ નીચે મુજબ છે.

૧) પ્રજેશ ડી. કડકીઆ
૨) સંગીતા જયેશ પરીખ (અઘોડી)
૩) તેજસ જગદીશ શાહ
૪) શાહ મીતેશ રજનીકાંત
૫) સોનીયા ઉમેશ દેસાઈ
૬) વીણા કીરીટ ધારીઆ
૭) પરીખ હર્ષા અમીત (ઘીવાળા)

ઉપપ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**- મંત્રી શ્રી ભાવેશ બીપીન મોદી**

## જાણવા જેવું

**- શેફાલી ધારીયા**

ગરમીની શરૂઆત થતા જ બિમારીથી બચવા લોકો સાવચેતી લેતા થઈ જાય છે, પરંતુ નજીવી ભૂલો ઉપર ધ્યાન આપીએ તો મોટા ભાગની માંદગીથી બચી શકાય.

૧. મુંબઈની ભેજવાળી હવા અને ગરમ વાતાવરણ ખોરાકમાં પેદા થતા જંતુઓ વધારવામાં મોટો ભાગ ભજવે છે. તેથી શક્ય હોય તો તાજુ રાંધેલુ જમણ કે કોઈપણ વાનગી લાભદાયક છે. વધેલો ખોરાક બીજીવાર ઉપયોગમાં લેવો હોય તો એને તરત refrigerator માં મૂકી દેવો અને ફરી આરોગતા પહેલા તેને સારી રીતે ગેસ ઉપર ઉકાળવો, જેથી કરીને ખોરાકમાં પાછળથી ઉત્પન્ન થયેલા જંતુઓ નાશ પામે.

૨. ૧૧/૨ થી ૨ લીટર (૭-૮ ગ્લાસ) પીવું જરૂરી છે. શરીરમાં વધુ પડતો પરસેવો થતા પાણી ઓછુ પીવામાં આવે તો dehydration થવાના ચાન્સીસ વધી શકે, જે શરીરના તાપમાન અને બ્લડ પ્રેશરને અસમતોલ કરી શકે છે.

૩. હાથ ધોયા વગર કોઈ પણ ખાદ્ય પદાર્થનો સ્પર્શ કરવો નહીં. ખોરાકને રાંધતા કે આરોગતા પહેલા જાણી લઈએ હાથ ધોવાનો ૨૦ Second નો rule. હાથ ભીના કરી, સાબુ ઘસી, ફીણ કરી બંને હાથની આંગળીના ટેરવા, ખૂણા અને હાથનાં પંજા બરાબર ચોળી, નળના હેન્ડલેન સાબૂથી સાફ કરી પાણી થી ધોઈ, પછી જ હાથ ધોવા સૌથી મહત્વનું એ છે કે ચોખ્ખા નેપકીનથી હાથ કોરા કરવા કારણ કે ૮૦ ટકા જંતુઓ, વાપરેલા નેપકીન કે રૂમાલમાં છુપાયેલા રહે છે.

૪. ઉકાળેલું પાણી સંપૂર્ણ રીતે જંતુમુક્ત હોય છે, પણ જાણવું જરૂરી છે કે ઉકાળેલું પાણી એટલે ...

પાણી ગરમ થાય ત્યારે પરપોટા વાસણની સપાટી પર દેખાય, પાણી વધુ ગરમ કરવાથી એજ પરપોટા ઉપર તરી ફૂટવા લાગે. આ સ્ટેજ ઉપર ૨-૩ મી પાણી ઉકળે તો એ પાણી ઉકાળેલું કહેવાય. ઘરની બહાર નીકળતા ઉકાળેલા પાણીની બોટલ જરૂરથી રાખવી. નોંધઃ ઉકાળેલું પાણી ફક્ત ૨૪ કલાક સુધી જંતુ મુક્ત રહે છે.

ઉપર જણાવેલ ટીપણી ધ્યાનમાં રાખવામાં આવે તો ગરમીની ઋતુમાં થતી મોટાભાગની માંદગીનો સામનો કરી શકાય.

**રજિસ્ટર્ડ ડાયટીશીયન**
**shefalidharia@gmail.com**

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **પરેશ ઓચ્છવલાલ પરીખ**
  કેશવજી જાધવજી બિલ્ડીંગ
  રૂમ નં. ૨, ૧લે માળે,
  એ.વન અને અનુરાગની વચ્ચે
  બાંણગંગા ક્રોસ રોડ, ૯ વાલ્કેશ્વર
  મુંબઈ - ૪૦૦૦૦૬
- **સચિત એસ. પરીખ**
  **પીંકી એસ. પરીખ**
  ૧૭૦૨ - બી - ટાવર, ૧૭મે માળે
  ઓમકાર વેદા, પરમાનંદ વાડી,
  એકનાથ ગર્ડી માર્ગ, પરેલ, મુંબઈ-૧૨
  મો. ૯૮૨૦૧૧૪૧૧૨ (સચિત)
  મો. ૯૮૧૯૫૫૪૧૫૩ (પીંકી)

### મૃત્યુ નોંધ

| | **ઉંમર** |
|---|---|
| ધારીઆ સવિતાબેન બાબુલાલ (ઓલા) | ૮૩ |
| મોદી પૂર્ણીમાબેન વસંતકુમાર | ૬૫ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**